


ચાંદો ઉગ્યો ચોકમાં... - શરદ પૂનમની રઢિયાળી રાતે રાજ્યના સુપ્રસિદ્ધ રાસ-ગરબા વૃંદો, કલા મંડળીઓ દ્વારા ગાંધીનગરના મેડીકલ કૉલેજના ઓડીટોરીયમમાં રાસ-ગરબાની રમઝટ જામી હતી... ગુજરાતના સાંસ્કૃતિક વારસાને અભિવ્યક્ત કરતી કૃતિઓએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા... રાજ્યના અલગ-અલગ જિલ્લાઓની વિશેષતા રજૂ કરતી આ કૃતિઓએ ગુજરાતની અસ્મિતાનું પ્રતિબિંબ વ્યક્ત કર્યું હતું... ગાંધીનગરના આંગણે ભવ્ય અને દિવ્ય સાંસ્કૃતિક કૃતિઓને રજૂ કરવા બદલ સાંસ્કૃતિક વિભાગને અભિનંદન...

# સચિવાલય સંકુલમાં પાર્કિંગની સમસ્યા ઉકેલવા મંત્રીએ કડક સૂચનાઓ આપી

## વેધર શેડવાળી પાર્કિંગ વ્યવસ્થા હવે સંકુલને ફરતે ઉભી કરવાની તંત્રએ કવાયત હાથ ધરી

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યના સૌથી મોટા વહીવટીય સેવાના સંકુલ સરદાર પટેલ ભવનના પાર્કિંગની સમસ્યાને તાકીદે ઉકેલવા માટેની જરૂરી સૂચનાઓ રાજ્યના માર્ગ-મકાન મંત્રી પૂર્ણેશ મોદીએ આપી છે.

આગામી એક થી બે માસમાં આ સમસ્યાનો ઉકેલ લાવવાની કડક સૂચના મળતાં જ માર્ગ-મકાન વિભાગ દ્વારા આ અંગેના અંદાજો અને નકશા તૈયાર કરવાની કામગીરી પણ હાથ ધરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સેકશન અધિકારી એસો.ના હોદ્દેદારોએ આ અંગે રાજ્યના માર્ગ-મકાન વિભાગના મંત્રીને રજુઆત કરી હતી અને સરકારે સકારાત્મક અભિગમ સાથે પાર્કિંગની આ સમસ્યાને ઉકેલવા માટેની આપેલી સૂચનાને પગલે કર્મચારીઓમા પણ આનંદની લાગણી સાથે આભારનો ભાવ જાગ્યો છે.

એસો.એ બ્લોક નં. ૫, ૬, ૯ અને ૧૧ સામે સત્વરે અદ્યતન વેધર શેડવાળી પાર્કિંગ વ્યવસ્થા કરવા જણાવ્યુ હતુ. આ ઉપરાંત બ્લોક નં. ૭ ની સામે અધુરી રહેલ પાર્કિંગ વેધર શેડની કામગીરી પણ સત્વરે પૂર્ણ કરવા તેમજ સચિવાલયના ભોંયરા ખોલી તેમાં રિનોવેશન સહિતની કામગીરી કરવામાં આવે તેવી માંગ કરી હતી.

હોદ્દેદારોએ ખુલ્લામાં વાહનો મુકવાથી તપી જતા હોવાનુ ગરમીના સમયે તેમજ ચોમાસામાં વાહનો પલળવાથી ઉભા થતા પ્રશ્નો સહિતની બાબતો રજુ કરી હતી. આ પાર્કિંગમાં સાઈટના અભાવે પણ પડતી મુશ્કેલી અંગે ધ્યાન દોરવામાં આવ્યુ હતુ.

હોદ્દેદારોએ કચેરીએ આવવાના સમય દરમ્યાન ગેટ ખોલી કર્મચારીઓને પ્રવેશ આપવામાં આવે, પાર્કિંગમાં ખાસ સિક્યોરીટીની વ્યવસ્થા કરવા પણ રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે.

માર્ગ-મકાન મંત્રીએ કર્મચારીઓના આ પ્રશ્નમાં તથ્ય જણાતાં તાત્કાલિક માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને બોલાવી પાર્કિંગ સહિતના મુદ્દાઓ પર સત્વરે કાર્યવાહી કરવા માટેની સૂચનાઓ આપી હતી.

ગાંધીનગર શહેરમાં સચિવાલય જ નહિ પણ ઘણા બધા સેક્ટરોમાં પાર્કિંગની સમસ્યાઓ છે. આ મુદ્દાઓને પણ ઉકેલવા માટે સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# ફાયર એન.ઓ.સી. નહિ લેનાર ૧૭ સોસાયટીઓ સામે આકરા પગલાના સંકેત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં આવેલ ૧૭ જેટલી રહેણાંકની સોસાયટીઓમાં ફાયર એન.ઓ.સી.ના મુદ્દે મનપા તંત્રએ હવે આકરા પગલાં લેવા માટેનું મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ સોસાયટીના સંચાલકો સાથે તંત્ર દ્વારા નોટીસોની બજવણી કરાયા બાદ નાયબ મ્યુનિ. કક્ષાએ બેઠકો પણ થઈ ગઈ છે પરંતુ કામગીરી હજુ સુધી થઈ ન હોવાથી તંત્રએ હવે આકરા પગલાં લેવા માટે મન બનાવી લીધુ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હવે એક સપ્તાહનો સમય તંત્ર દ્વારા આપવામાં આવશે અને આમ છતાંય જો કાર્યવાહી નહિ કરવામાં આવે તો આ સોસાયટીઓના પાણી, ગટર અને વીજ કનેક્શન કાપવા સુધીના પગલાં લેવામાં આવશે.

ફાયર એન.ઓ.સી.ના મુદ્દે રાજ્યની વડી અદાલતમાં થયેલ પી.આઈ.એસ.ને લઈ તંત્રએ ગઈકાલે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી જેમાં આ મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો. સરકાર દ્વારા પણ કડક વલણ અખત્યાર કરવા માટેની સ્પષ્ટ સૂચનાઓ પછી હવે મનપા તંત્રએ પણ આ દિશામાં આગળની કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

જે ૧૭ સોસાયટીઓમાં ફાયર એન.ઓ.સી. નથી તેમાં કુડાસણ, કોબા, સરગાસણ, વાવોલની સોસાયટીઓ હોવાનું જાણવા મળેલ છે.

મનપા તંત્ર દ્વારા બુધવારે અથવા ગુરૂવારે આખરી નોટીસ જારી કરવામાં આવશે અને તે પછી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

# કોબા-રાયસણમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નંખાશે

## પાણીની લાઇન નાંખવા ગુડા દ્વારા રીટેન્ડરીંગ કરાશે અંદાજિત ૨૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે

ગાંધીનગર તા ૧૯

ગુડા દ્વારા નવી આવાસ યોજના ઉપરાંત માળખાગત સુવિધાના કામો પણ હવે ઝડપથી હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુડા વિસ્તારમાં હાલ આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આગામી દિવસામાં હજુ પણ નવા મકાનો બાંધવામાં આવશે. જેની સાથે ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં પાણી ગટર અને રસ્તાના માળખાગત સુવિધાના કામો પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. કોબા અને રાયસણ વિસ્તારમાં પણ નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવા માટે હવે રીટેન્ડરીંગની પ્રક્રીયા હાથ ધરાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨૪ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં પાણી ગટર અને રસ્તાની સુવિધાઓ પુરી પાડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગુડા વિસ્તારમાં નવા ટી પી વિસ્તારમાં પણ માળખાગત સુવિધાના કામો માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગ્રીન સીટી અને ક્લિન સીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે વિકાસના નવા પ્રોજેકટ અન્વયે પણ હરિયાળીનો અભિગમ ધ્યાને લેવામાં આવી રહ્યો છે. ગુડા દ્વારા નવી આવાસ યોજનાનુ કામ પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. ગુડા વિસ્તારમાં હજુ આગામી દિવસોમાં નવા ૨૬૦૦ આવાસો બાંધવા માટે પણ તૈયારી કરવામાં આવી રહી છે. બીજીતરફ હાલ ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં માર્ગ રીસરફેસીંગ તેમજ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી પણ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સ્ટ્રીટ લાઈટના નવા પોલ્સ નાંખવા માટે પણ આયોજન કરાયુ છે. ગુડાના કોબા અને રાયસણ વિસ્તારમાં નર્મદાના પાણીનો સપ્લાય આપવામાં આવે તે માટે ટુંકમાં જ પાઈપલાઈનનુ કામ હાથ ધરાશે. આ કાર્યયોજના અન્વયે અગાઉ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ સંબંધિત એજન્સીની ડીપોઝીટ પણ ડુલ થતા હવે આ કામગીરીને અનુલક્ષીને નવેસરથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. કોબા અને રાયસણ વિસ્તારમાં પાણીની લાઈન નાખવાની કામગીરી સંદર્ભે અંદાજિત રૂ ૨૪ કરોડનો ખર્ચ કરાશે. જયારે રીટેન્ડરીંગના અંતે ટુંકમાં કામ શરૂ કરાશે. પાઈપલાઈનનુ કામ પુર્ણ થયા બાદ આ વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય થશે.

# શહેરના વન આરક્ષિત વિસ્તારમાંથી પ્લાસ્ટીકનો કચરો ઉલેચવા વનતંત્રએ ઝુંબેશ હાથ ધરી

## જિલ્લા કલેકટરની સુચના અન્વયે વનતંત્રની ટીમ કામે લાગી



ગાંધીનગર તા ૧૯

વરસાદી દિવસો બાદ શહેરના ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં બિનજરૂરી ઘાસ અને વન્સ્પતિ ઉગી નિકળી છે. જયારે વન આરક્ષિત વિસ્તારની તુટેલી ફેન્સીંગના લીધે આ વિસ્તારમાં રખડતા ઢોર પણ ઘુસી જાય છે. વન આરક્ષિત વિસ્તારમાં પ્લાસ્ટીક કચરાની સફાઇ માટે પણ જિલ્લા કલેકટરની સુચના અન્વયે બોરીજ રેન્જ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શહેરના ઉભા અને આડા માર્ગો આસપાસ વન તંત્રની જગ્યામાંથી પ્લાસ્ટીકનો કચરો ઉલેચવામાં આવ્યો હતો.

વરસાદી દિવસોના અંતે શહેરના વન આરક્ષિત વિસ્તારમાં ઘાસ અને બિનજરૂરી વન્સ્પિત ઉગી નિકળી છે. બિનજરૂરી ઘાસના લીધે આ વિસ્તારમાં ગંદકી પણ પ્રવર્તી છે. બીજીતરફ ફેન્સીંગ પણ ઘણાં ઠેકાણે તુટેલી હાલતમાં હોવાથી આ વિસ્તારમાં રખડતા ઢોર પણ ઘુસી જાય છે. જેના લીધે હરિયાળીને નુકશાન થાય છે. બીજીતરફ હરિયાળા નગરમાં પ્લાસ્ટીકના ઉપયોગ સામે રોક લગાવવા સતત જનજાગૃતિ કેળવવા પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પરંતુ હજુ પ્લાસ્ટીકના ઉપયોગને રોક લગાવવામાં સફળતા મળી નથી. પ્લાસ્ટીકના લીધે પ્રદુષણનુ પ્રમાણ પણ વધ્યુ છે. જયારે આ પ્લાસ્ટીક હરિયાળી માટે પણ નુકશાનકારક હોવાથી વનતંત્ર દ્વારા છેલ્લા કેટલાક દિવસથી વન આરક્ષિત વિસ્તારમાંથી પ્લાસ્ટીક કચરો દુર કરવા માટે અભિયાન હાથ ધરાયુ છે. એકબાજુ વરસાદી દિવસોના અંતે શહેરમાં ઉભા અને આડા માર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોની તોતિંગ ડાળીઓનુ ટ્રીમીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. જયારે બીજીતરફ વન આરક્ષિત વિસ્તારમાં કચરાનો નિકાલ લાવવા માટે પણ ટીમ કામે લાગી છે. આ મામલે જિલ્લા કલેકટરની સુચના મુજબ બોરીજ રેન્જમાં ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત વન વિસ્તારમાં પ્લાસ્ટીકનો કચરો સાફ કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીમાં વનતંત્રના ૨૫ જેટલા સ્ટાફના સભ્યોએ સુપરવિઝન કરી તંત્રના રોજમદારો પાસે પ્લાસ્ટીક કચરાની સફાઈનુ આ અભિયાન સફળ બનાવ્યુ હતુ. શહેરના વન આરક્ષિત વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ઘાસની સફાઈ પણ થઈ નથી જયારે ઉભા સુકા વૃક્ષો પણ હજુ સેકટરોમાં યથાવત છે. સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગનુ કામ પણ ઝડપથી હાથ ધરાય તે અનિવાર્ય છે. જયારે વન આરક્ષિત વિસ્તારમાં હરિયાળીના યોગ્ય જતન અને રક્ષણ માટે તુટેલી ફેન્સીંગ યોગ્ય કરવા માટે પણ ઝડપથી કામ હાથ ધરવામાં આવે તેવી લાગણી પ્રબળ બની છે.



દિવાળીનો તહેવાર નજીક આવતા વેપાર ધંધામાં હવે ધમધમાટ જોવા મળી રહ્યો છે. મોટા શોપિંગ બજારમાં પણ ખરીદી માટે દિન પ્રતિદિન ભીડ વધતી જાય છે. સાથો સાથ નાના વેપારીઓ પણ બે રૂપિયા રળવાની આશમાં નગરની ફુટપાથ પર અવનવી ચીજ વસ્તુઓનુ વેચાણ કરતા નજરે પડે છે. મુલાકાતીઓને આકર્ષવા માટે હાલ આવી અનેક વસ્તુઓ વોક વે તેમજ આસપાસ વેચાણમાં મુકાયેલી જોવા મળે છે. નગરની ફુટપાથ પર ફોટો ફ્રેમ, માછલી ઘર સહીતની અનેક વસ્તુઓના વેચાણ માટે અમદાવાદના નાના વેપારીઓએ નગરમાં અડ્ડો જમાવ્યો છે.

# જિલ્લામાં મહત્વની જગ્યાઓ ખાલી આ જગ્યાઓ ચાર્જથી ચાલતી હોવાથી ફાઈલો અટવાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના વહીવટીયતંત્રમાં મહત્વની જગ્યાઓ ખાલી પડી હોવાથી અને ચાર્જમાં ચાલતી હોવાથી જિલ્લાનું વહીવટીતંત્ર લગભગ વિકલાંગ બની ગયુ છે.

જિલ્લા કલેક્ટર કચેરીમાં નાયબ કલેક્ટર (મ.ભો.યો.) નાયબ કલેક્ટર (જમીન સુધારણા) નાયબ કલેક્ટર (જમીન સંપાદન) નાયબ કલેક્ટર (પ્રોટોકોલ), મામલતદાર સંવર્ગમાં પણ ઘણી બધી જગ્યાઓ ખાલી પડી છે. ગાંધીનગર, દહેગામ સહિતની આ ઉપરાંત જિલ્લા પંચાયતમાં પણ નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ખાલી છે.

જિલ્લામાં એક તરફ સરકારી કાર્યક્રમોનું કાર્યભારણ વધી રહ્યુ છે. બીજી તરફ કોરોના સંક્રમણ ઘટતાં પ્રશ્નો અંગે રજુઆત કરવા આવતા મુલાકાતીઓનો ધસારો વધી રહ્યો છે પણ અધિકારીઓ ચાર્જમાં હોવાથી સમયસર મળી શકતા નથી એટલુ જ નહિ પ્રશ્નોનો ઉકેલ પણ જે ગતિએ થવો જોઈએ તે થતો નથી. આથી લોકોમાં કચવાટ વધી રહ્યો છે. જિલ્લામાં આ વખતે વરસાદની ઘટ છે અને આગામી દિવસોમાં પેયજળ સહિતના પ્રશ્નો વધવાના છે ત્યારે તંત્રની મહત્વની જગ્યાઓ ખાલી પડી છે. તંત્ર લગભગ વિકલાંગ બની ગયુ છે. પ્રશ્નોનો ઢગ જિલ્લાની કચેરીઓમાં ખડકાયેલો જોવા મળી રહ્યો છે.

બીજી તરફ સરકાર પણ હમણાં ખાલી જગ્યાઓ ભરવા કે અધિકારીઓની બદલીના હુકમો કરવાનું ટાળી અને નવી સરકાર હોવાથી જન જન સુધી પહોંચવામાં વ્યસ્ત બની છે.

જિલ્લા વહીવટીતંત્રની ખાલી જગ્યાઓ ઝડપથી ભરાય તેવી માંગ વધવા પામી છે.

# સૂકા મેવાનો ભાવ આસમાને

ગાંધીનગર,તા.૧૯

કોરોનાકાળ માં મોંઘવારીના માર વચ્ચે હવે તહેવારોના શરૂઆત થઈ છે ત્યારે તહેવારોમાં હવે મોંઘવારીનો માર પડતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. હવે દિવાળી નજીક છે ત્યારે સુકા મેવા ખાવા પણ ભારે પડે તેમ લાગી રહ્યું છે કારણ કે હવે સુકા મેવાના ભાવ પણ આસમાને પહોંચી રહ્યા છે. તહેવારોની ઉજવણી કરવા માટે સૌ તૈયારીઓ કરવામાં વ્યસ્ત થઈ જાય છે જો કે આ તહેવારોની સીઝનમાં મોંઘવારીને કારણે દરેક તહેવાર ફિક્કા રહે તેમ લાગી રહ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

TV રીપેરીંગ
ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com